# નમસ્કાર ગાંધીનગર



રમેશ ઠક્કર

## પમરાટ

ઊભો છું ક્યારનો હું સફર થઈને
કાળ ચાલે સાથ હમસફર થઈને
કીમિયો તારો મને પણ બતાવ
જીવે છે કઇ રીત તરબતર થઈને
જો કેવું કેવુ બને છે અહીં બધે-
ગઝલમાં તારી અવરજવર થઇને
તું માણસ આખ્ખો હુલામણો છે
ઉપનામે વસે તું ખુશીનું ઘર થઈને
કોણ?કોને?ક્યાં? કહો મળે ન મળે
નિયતિ ચૂપ ઊભી છે અફર થઈને

- જયેન્દ્ર શેખડીવાળા

## પાથેય

# ઉપનામ સ્વરૂપે ખુશીનું ઘર...

માણસ જીવે છે.ભેગું કરતો જાય છે.એમાં ધન,સંપતિ,જમીન,કિંમતી મકાનો એમ મબલખ યાદી હોય છે.અનુભવો અને આવડતના ખજાના પણ અંકે કરતો રહે છે.આ બધા થકી એ આનંદિત થતો રહે છે.એક કેફમાં રહે છે.એને લાગે છે કે આ બધા થકી જીવાય છે.અને અંતકાળે આ બધું સાથે આવશે ! પોતે આ વૈભવની સાથે જીવે છે એવા મિથ્યા ખયાલમાં જીવનારને ખબર હોતી નથી કે પોતાની જીવનસફર એની સાથે ચાલનાર ફકત કાળ એટલે કે સમય જ હોય છે.! માણસનો સાચો હમસફર સમય છે.એટલે જ કહેવાયું છે કે સમય સમય બલવાન હે,નહીં મનુષ્ય બલવાન !

કેટલાક લોકો બહુ મસ્તીથી જીવતા રહે છે.જીવન જીવવાની એમની ફોર્મ્યુલા શું હશે ? એ જાણવાની આપણને તાલવેલી થાય એ હદે એ લોકો તરબતર થઈને જીવતા રહે છે. જીવન જીવવાનો કીમિયો દરેક માણસનો અલગ હોય છે.પોતાનું સુખ જાતે જ શોધી લેવાનું હોય છે.કોઈ આપણને રેડીમેડ કીમિયો બતાવે એવું બનતું નથી.ઈશ્વરે દરેકને આગવું સંવેદનતંત્ર આપ્યું છે.જિંદગી આપી છે.અલગ અનુભવો આપ્યા છે.એના આધારે પોતાની પરિસ્થિતિનું આકલન કરી જીવનને કઈ રીતે સુંદર બનાવવું એ સંપૂર્ણપણે પોતાની ઉપર આધાર રાખે છે.જીવન જીવવું એટલે પડકાર.આપણે મોટેભાગે જીવનને બહારના સુખ મવૈભવમાં શોધતા રહીએ છીએ.

કોઈ કવિ કવિતા કે ગઝલ લખે ત્યારે એમાં અવનવાં શબ્દચિત્રો ઉપસતા રહે છે.સામાન્ય ભાવકને આશ્ચર્ય થાય કે કવિતાની પંક્તિઓમાં કે ગઝલની શેઅરમાં આ બધું ક્યાંથી આવતું હશે ? વાસ્તવમાં એ સર્જકની યાદો હોય છે. શબ્દોની એ અવરજવર એ? યાદોનો ઉપહાર હોય છે.સામાન્ય માણસ પોતાની યાદોને દફનાવી દેતો હોય છે.કવિ શબ્દો થકી એને સતત સજાવતો રહે છે.કેટલાક સર્જકો પોતાનો હુલામણું નામ રાખે છે.?એવા ઉપનામે એ પોતાનું સર્જન કરતા રહે છે.હકીકતમાં તો કવિ કે શાયર માણસ તરીકે આખેઆખા હુલામણા જ હોય છે!ફરક એટલો છે કે ઉપનામ રાખીને એ પોતે જ કોઈ ખુશીનું ઘર હોય એ રીતે જગતમાં વસતા રહે છે.

જિંદગી મલક અનુભવો આપે છે જે માણસની ઝોળીમાં ભરાતા રહે છે.મિલન,વિરહ, માણસોનો મેળો,આ બધું અવિરતપણે ચાલતું રહે છે.સંબંધોની અવનવી પરિભાષાઓ રચાતી જાય છે.સંબંધો ચાલે છે,ખોડંગાય છે,વિલાય છે.કેટલાક કાયમી બનીને મનમાં ઝિલાય છે.કોણ ક્યારે મળશે કે ક્યારેય ખોટું પડશે એ નક્કી હોતું નથી. કોઈ ચીજ વસ્તુની માફક એની કોઈ ગેરંટી હોતી નથી.આ બધી ઘટનાઓ પાછળ કોઈ અલૌકિક તત્વ કામ કરતું હોય છે.જેને આપણે નિયતિ કહી શકીએ. નિયતિનો?આ સ્વભાવ છે,અફર રહેવાનો.એ પોતે જ નક્કી કરે છે કે કોણ,કોને મળશે. ક્યા સમયે મળશે કે કઈ રીતે મળશે.આ વિસ્મયને કવિ બહુ સરસ રીતે વ્યક્ત કરે છે.જીવનની સફરમાં આપણી સાથે અવિરત ચાલતો કાળ એટલે કે સમય જ આખરે આપણો? સાચો હમસફર બની રહે છે.!

# બંને એકબીજાથી સાવ વિરોધાભાસી પ્રકૃતિ ધરાવતાં હતાં

શરણાઈના સૂરો હવામાં રેલાઈ રહ્યા હતા. વેલકમ ડ્રિંક મહેમાનોમાં ફરી રહ્યું હતું. ઝાકમઝોળ મંડપની નીચે ફેરા ફરાઈ રહ્યા હતા. પણ ક્યાંક-ક્યાંક આમંત્રિતોમાં કાનાફૂસી થઈ રહી હતી. "જોજો ને, આ સંઘ કેવો કાશીએ પહોંચે છે તે! દેખાય છે બંને પક્ષો વચ્ચે ક્યાંય સમાનતા?" ખાસ કરીને વર-કન્યાના મિત્રવર્તુળમાં તો આની ઠહાકાઓ મારી-મારીને ચર્ચા થઈ રહી હતી. "હે ય ગાય્ઝ, જુઓ તો અમારી નમણી નાગરવેલ ફેરામાં કેવી આગળ ચાલે છે! તમારો વરરાજા નીચી મૂંડીએ એને ફોલો કરે છે!" સામે "ગાય્ઝ" પણ ઉછળીને જવાબ આપતા હતા. "ઓ ગર્લ્સ, એ તો અમારો હેન્ડસમ હંક અત્યારે કંઈ બોલતો નથી! જો સ્હેજ એના હાથે બાંધેલું કપડું ઉલાળે ને તો તમારી નમણી નાગરવેલ હવામાં ક્યાંય ફંગોળાઈ જાય!" હવામાં ખડખડાટ હાસ્યનું મોજું ફેલાઈ ગયું. છેવટે એક વાતે બંને મિત્રવૃંદો સહમત થઈ ગયાં: આગે આગે દેખીએ હોતા હૈ ક્યા!

ભલે મજાકમાં કહેવાઈ હતી પણ વાત તો સાચી જ હતી. આ સંઘ કાશીએ નહીં પણ કુરુક્ષેત્રમાં જઈને અટકે એવો હતો! વિજયવર્ધન યાદવ હરિયાણાથી આવેલો ઊંચો, મોટો કુસ્તીનો ખેલાડી હતો. કોલેજના બિલ્ડીંગને એ મા સરસ્વતીનું નિવાસસ્થાન નહીં પણ મારુતિનંદનનું ક્રીડાંગણ સમજતો! એના ગામનો એનો એક ખાસ મિત્રે અહીંની કોલેજમાં પ્રવેશ લીધો હતો એટલે આ ભાઈ પણ અહીં ખેંચાઈને આવી ગયા હતા પણ એની કુસ્તીની દુનિયામાં પુસ્તકોને કોઈ સ્થાન નહોતું! એનું ટાર્ગેટ કોલેજમાં આવેલો ક્લાસરૂમ નહીં પણ કોલજની પાછળ આવેલું મેદાન હતું!

પણ એક દિવસ મિત્રના મિત્રવર્તુળમાં કોઈકનો બર્થ-ડે હતો એની પાર્ટીમાં વિજયવર્ધનને પણ એનો મિત્ર ખેંચી ગયો. વિજયવર્ધને ખૂબ ના પાડી કે એ ત્યાં કોઈને ઓળખતો નથી પણ મિત્રનો આગ્રહ હતો કે કોલેજમાં એવું કશું હોતું નથી. બધાં ફ્રેંડ્ઝ જ કહેવાય! એટલે એ થોડો સંકોચ પામતો ગયો તો ખરો પણ પછી એને થયું કે એ ન ગયો હોત તો એણે ઘણું ગુમાવ્યું હોત! બર્થ-ડે રૂપરૂપના અંબાર જેવી પૂજા શાહનો હતો. પૂજા પહેલી નજરે જ વિજયવર્ધનની આંખોમાં વસી ગઈ.



સ-રસ
મમતા બુચ

વિજયવર્ધન જરા અતડો માણસ હતો પણ પૂજા ખિલખિલાતા ફૂલ જેવી હતી. એક જ મિનિટમાં એણે વિજયવર્ધનનો સંકોચ દૂર કરી નાખ્યો. "હાય ફ્રેન્ડ, તું કેમ કંઈ ખાતો નથી? આ ચોકલેટ્સ, કેક, સમોસાં- આ બધું હું એકલી ખાઈ જવાની છું? જો કે મને તો આ બધું ખાવા મળે તો હું તો છોડું નહીં પણ મારું કોઈ માને તો ને!" એ હસી પડી. વિજયવર્ધન માંડ-માંડ બોલ્યો, "મૈં યે સારી ચીજે નહીં ખાતા. મૈં પહેલવાન હૂઁ." જવાબમાં પૂજાનું હાસ્ય ઝરણું બનીને ફૂટી નીકળ્યું. "ઓહ, ઐસા હૈ? ઐસી પહેલવાની કરકે તુમ્હે ક્યા મિલેગા? ઉસકે બજાય ખાઓ, પીઓ, ઐશ કરો."

તે પછી તો વિજયવર્ધન અને પૂજાની મુલાકાતો વધતી ચાલી. થોડા જ સમયમાં બંનેને ખ્યાલ આવી ગયો કે બંને એકબીજાથી સાવ વિરોધાભાસી પ્રકૃતિ ધરાવતાં હતાં. પૂજા અભ્યાસમાં તેજસ્વી હતી. અને એજ્યુકેટેડ હોવાને પ્રાધાન્ય આપતી હતી. સામે વિજયવર્ધનને અભ્યાસમાં ખાસ રસ નહોતો. એને એની રમતના દમ પર સારી નોકરી મળી જાય એમ હતું અને એના માટે ગ્રેજ્યુએશન પૂરું થઈ જાય એટલે ભયો ભયો હતું. ટૂંકમાં, ખરબચડી, પથરાળી જમીન પર એક સુંદર છોડ લહેરાઈ રહ્યો હોય એવી બંનેની જોડી હતી.

ટૂંક સમયમાં જ બંને પ્રેમી-પંખીડાં ટોક ઓફ ધ કોલેજ થઈ ગયાં. છોકરાઓ એ વાતની ચર્ચા કરી રહ્યા હતાં કે કાગડો દહીંથરું લઈ ગયો અને છોકરીઓ એમ વિચારી રહી હતી કે આવા ટોલ, ડાર્ક એન્ડ હેન્ડસમને આવી ફૂદાં જેવી મળી!

અને વાત પણ સાચી હતી. બંને વચ્ચે આમ જુઓ તો કોઈ વાતે મેળ નહોતો. વિજયવર્ધનના બાઈકની પાછળ બેસીને પૂજાસુંદરી બહાર ફરવા નીકળ્યાં હોય ત્યારે વિજયવર્ધને મૌન વ્રત ધારણ કરેલું હોય અને પૂજા ચકલીની જેમ ચીં-ચીં કરતી વાતો જ કર્યા કરતી હોય! શહેરના આઉટસ્કર્ટમાં આવેલું એક કેફે એમની રોજની મુલાકાતોનું સાક્ષી. એમાં એક કલાક બેસવાનું નક્કી. એમાં પણ વિજયવર્ધન આખા દૂધની ચા મંગાવે અને પૂજા કોલ્ડ-કોફી વીથ આઈસક્રીમ! વિજયવર્ધન ચાની ચૂસકીઓ સબડકો મારીને ભરે અને પૂજા ભદ્ર વર્ગનાં લોકોની જેમ હળવે-હળવે કોલ્ડ-કોફી પીએ!

પૂજાનો બર્થ-ડે ફરી આવ્યો ત્યારે વિજયવર્ધન ચોકલેટનું આખું હેમ્પર લાવ્યો. એમાં એક લોલીપોપ પણ હતી. પૂજાએ કૂદકો મારીને એ લઈને મોઢામાં મૂકી દીધી. એણે વિજયવર્ધનને એ ખાવા આગ્રહ કર્યો ત્યારે એણે કહ્યું, "નહીં, ઈસસે દાંત ખરાબ હો જાતે હૈં." અને પૂજા ખડખડાટ હસી પડી. "ડોન્ટ ટેલ મી! તુમ દાંતસે કુશ્તી લડતે હો?" વિજયવર્ધને ફક્ત હૂંફાળું સ્મિત કર્યું.

ત્યાં સુધી તો હજી મિત્રવર્તુળમાં ગૂસપૂસ ચાલતી હતી પણ જ્યારે બંને જણાંએ લગ્નનો ઈરાદો જાહેર કર્યો એ પછી તો ખુલીને ચર્ચાઓ ચાલુ થઈ. "આ પૂજાડીને ભાન નથી પડતી કે એ વિજયવર્ધનના ઘરમાં કેવી રીતે એડજસ્ટ થશે! પૂજા તો સાવ ઊંઘણશી છે અને વિજયવર્ધનનું ઘર તો હરિયાણાના ગામડામાં છે. ત્યાં તો સવારમાં પાંચ વાગે દિવસ શરૂ થઈ જાય! ઊઠીને કામે વળગવું પડશે!" નટખટ નયનેશે તો ગાય ભાંભરતી હોય એવો અવાજ પણ કર્યો- "ઓં......." બધાં હસી પડ્યાં. ચુલબુલી ચૈતસીએ તો ચિંતા પણ વ્યક્ત કરી. "અરે, પૂજાને તો એ.સી. વગર ઊંઘ જ નથી આવતી. વિજયવર્ધનના ઘરની બહાર ઢાળેલા ખાટલામાં તો એ આમથી તેમ ને તેમથી આમ પાસાં ફેરવ્યા કરશે!" પછી તો મિત્રવૃંદ "આપણે શું?"ના ઉચ્ચારો સાથે વિખરાયું. અને આ બાજુ બંને પક્ષોમાં માતા-પિતાને મનાવવાની શરૂઆત થઈ ગઈ.

પહેલો જ સામનો વિજયવર્ધનનાં મા-બાપના પ્રશ્નોનો કરવો પડ્યો. છોકરી કેમ ગુજરાતથી લાવવી પડે છે? હરિયાણામાં છોકરીઓ ખૂટી ગઈ છે? ગુજરાતના શહેરની છોકરી હરિયાણાની ભાષા, પહેરવેશ, બોલી સમજશે? અને ખાસ તો અપનાવશે કે કેમ? પણ વિજયવર્ધન અડગ રહ્યો એટલે આખરે ઘરમાંથી સંમતિ મળી ગઈ.

પૂજાના ઘરમાં તો ઉચાટ અને આક્રોશનું વાતાવરણ સર્જાઈ ગયું. હરિયાણાનો પહેલવાન શું ગુજરાતની સંસ્કૃતિ અને સભ્યતા સમજવાનો છે વગેરે, વગેરે. પણ છેવટે દિકરીની જીદ આગળ મા-બાપને નમતું જોખવું પડ્યું.

અને અંતે આજે ઢોલ ઢબૂકી રહ્યા હતા. પણ ઉપસ્થિત દરેક જણ સમજતું હતું કે બહુ જલ્દીથી આ ઢોલ રણશિંગામાં ફેરવાઈ જશે! વિજયવર્ધન અને પૂજાનું દાંપત્યજીવન મહિનાઓ નહીં, દિવસોમાં સમાપ્ત થઈ જવાનું છે! આખરે નટખટ નયનેશ અને ચુલબુલી ચૈતસી સહિત બધાં શુભેચ્છાઓ પાઠવીને મૂછમાં મલકાતાં છૂટાં પડ્યાં. કોલેજ પૂરી થઈ રહી હતી. સૌ સૌની દુનિયામાં વ્યસ્ત થઈ ગયાં.

અચાનક છ વર્ષે બધાંને એક ઈન્વીટેશન કાર્ડ મળ્યું. વિજયવર્ધન અને પૂજાની દિકરીના પાંચમા બર્થ-ડેની ઉજવણી થઈ રહી હતી. મતલબ કે હજી પણ વિજયવર્ધન અને પૂજા સાથે રહેતાં હતાં! અચંબિત મિત્રવૃંદ એ પ્રસંગે એકઠું થયું. વિજયવર્ધન અને પૂજાનાં માતા-પિતા ખુશખુશાલ મુદ્રામાં ફરતાં હતાં. બંને પક્ષો હળીમળીને વાતો કરતા બેઠા હતા. વિજયવર્ધન અને પૂજા નાનકડી પરી સાથે આનંદના દરિયામાં નહાઈ રહ્યાં હતાં. ચેતસીથી રહેવાયું નહીં. એ સીધી જ પૂજા પાસે પહોંચી ગઈ.

પૂજા મલકી, "મને ખબર છે કે તું શું વિચારી રહી છે. અમે એકબીજાને એવું તે શું આપ્યું કે આજે આટલું ખુશખુશાલ જીવન વીતાવી રહ્યાં છીએ, બરાબર ને?" ચૈતસીએ જવાબ આપ્યો, "ખબર છે, પ્રેમ." પૂજાના ચહેરા ઉપર સ્મિત હતું, "ના, એનાથી પણ વધારે- માન! પ્રેમ તો ફક્ત અમારા બંને વચ્ચે હતો. અમારા બંને પરિવારોએ એકબીજાની રહેણીકરણી અને આદતોને માન આપ્યું એટલે આજે અમે એકબીજાનાં પૂરક છીએ." મિત્રવૃંદ સ્તબ્ધ હતું. સંઘ કાશીએ પહોંચી ગયો હતો!

- mtabuch150@gmail.com

# ઈર્ષા નહિ, મદદ કરે ઇતિહાસ રચાય છે

એક વ્યક્તિ કંઇક નવું કરવા પ્રયત્ન કરી રહી છે, કંઇક નવી શોધ કરી રહી છે. એને બે ત્રણ વખત નિષ્ફળતા મળી ચૂકી છે અને હજી નજીકના ભવિષ્યમાં સફળ થશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. એ વ્યક્તિને વિશ્વાસ છે કે એની શોધ આગળ જતા માનવ જીવનની દિશા અને દશા બંને બદલી નાંખવામાં કારણભૂત થવાની છે. એ હાર માન્યા વગર એના કાર્યમાં લાગી પડ્યો છે અને તમારું ધ્યાન એ તરફ જાય છે. એ વખતે તમારી પ્રતિક્રિયા શી હશે?

હું જઈને એને મદદ કરીશ એવું કહેનારા અને કહેલું કરનારા અમુક મળી આવશે એની ના નથી પણ મજાની વાત એ કે મોટા ભાગની વસ્તી એ વ્યક્તિને ગાંડો કહેશે. હા, સાચે જ ગાંડો કહેશે. તમે જો આ વાક્ય વાંચીને હસી રહ્યાં છો તો હું સાચી છું! આપણામાં મોટાભાગના પાછા એને સલાહ આપતા કહેશે, અરે ભાઈ મેલ ને હવે, તારાથી એ નહિ થાય. કેટલાક લોકો જ્યારે મળે ત્યારે એ વ્યક્તિની મજાક ઉડાડવા તૈયાર હશે.

હવે થોડુંક આગળ વિચારો, તમે પોતે કોઈ નવીન શોધ કરવા મથી રહ્યા છો પણ ફાવી નથી રહ્યા. તમે જુઓ છો કે તમારાથી ક્યાંય નીચલી પાયરીએ આવે એવો એક જણ અદ્દલ તમારા જેવી જ શોધ કરી રહ્યો છે અને એ તમારાથી ઘણું સારું કરી રહ્યો છે, ત્યારે? તમે એ વ્યક્તિને એની મહેનત, એના કાર્ય બદલ બિરદાવશો કે પછી એનામાં ભૂલો દેખાડી એને નાસીપાસ કરશો? હજી એક શક્યતા એનું કામ પડાવી લઈ પોતાને નામે ચઢાવી લેવાની પણ રહે છે. તમે ક્યાં ભૂલ કરી રહ્યા છો એ વાત પેલી બીજી વ્યક્તિનું કામ જોઈ જાણી લીધા બાદ એ ભૂલ સુધારી એના કરતાં કેટલીય ઘણી ઝડપે તમે આગળ વધી જઈ શકો છો. તમે તરત સફળ થઈ જશો અને પેલી ગરીબ પણ વધારે હોશિયાર વ્યકિતએ ફરી કંઈક નવું વિચારવું પડશે. આ બધું જ થઈ શકે છે, થઈ રહ્યું છે...અહીંયા કોઈ નવીન ચમત્કાર થઈ શકે? હા જી, ચમત્કાર થઈ શકે છે!

૧૮૯૬ની સાલની આ વાત છે. ત્યારે થોમસ આલ્વા એડિસન ભાઈ વીજળીના ગોળાની શોધ કરી ચૂક્યા હતા. એમને અપાર માન સન્માન મળી ચૂક્યું હતું અને હવે એ એક કાર બનાવવાની મથામણ કરી રહ્યા હતા. એ વખતે એમને જાણ થયેલી કે એમની જ કંપનીમાં કામ કરતો એક યુવાન નવી ડિઝાઇનની એક કારનું પ્રયોગાત્મક મોડેલ બનાવી ચૂક્યો હતો. એક પાર્ટીમાં એડીસન ભાઈને એ વ્યક્તિને મળવાનું થયું અને એમણે તેણે બનાવેલી કારના મોડેલ વિશે જાણવાની ઈચ્છા કરેલી. એડિસને જોયું કે એ વ્યકિતએ બનાવેલી અને પોતે ડિઝાઇન કરેલી બંને કારની ડીઝાઈન એકસમાન હતી ફરક એટલો કે એડીસનની કાર ઈલેક્ટ્રીસીટીથી ચાલતી હતી જ્યારે તે વ્યક્તિની કાર ગેસોલિનમાંથી પાવર મેળવતી હતી.

એડીસનને તરત સમજાઈ ગયું કે એ ક્યાં ભૂલ કરી રહ્યા હતા. એમને એ પણ ખ્યાલ આવી ગયો કે એમની કંપનીના એક વર્કરે બનાવેલી કારનું મોડેલ એમનાં મોડેલ કરતાં વધારે સફળ થાય એવું હતું. એમણે તાળીઓ પાડી એ વ્યક્તિના કામને બિરદાવ્યું અને કહેલું કે દોસ્ત તારી બનાવેલી કાર ઉત્તમ છે તું એમાં જ આગળ વધ. હું આશા રાખું છું કે એક દિવસ ગાડીઓની દુનિયામાં તારું નામ હશે.

થોમસ આલ્વા એડિસન એ વખતે અમેરિકાની એક જાણીતી હસ્તી હતા અને એમના તરફથી પ્રોત્સાહન મળતા એ યુવાન ખૂબ ઉત્સાહિત થયેલો અને પછી એની કાર બનાવવા લાગી પડેલો. એ માણસ એટલે હેન્રી ફોર્ડ જે પછીથી ખૂબ નામના અને રૂપિયા કમાયો હતો. આજે આપણે સૌ એને ઓળખીયે છીએ.

ખેર, આ તો વાત થઈ એક નામી હસ્તી તરફથી નવું સાહસ કરી રહેલી વ્યક્તિને મદદ કરવાની, પણ જે વ્યક્તિ કોઈકની તરફથી પ્રોત્સાહન મેળવી આગળ વધે એ પછી પાછળ ફરીને જુએ છે ખરી? આગળ વાંચો...



નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

ડિસેમ્બર ૧૯૧૪માં અચાનક જ એડિસનની લેબોરેટરી અને કંપનીમાં ભીષણ આગ લાગી હતી અને એ બળીને રાખ થઈ ગયેલી. ત્યારે થોમસભાઈ સડસઠ વરસના વૃદ્ધ હતા અને નુકશાન એટલું મોટું થયેલું કે ઇન્શોરન્સમાં બધું કવર કરવું મુશ્કેલ હતું. એ સમયે કહે છે કે આગ હોલવાઈને ઠંડી થઈ જાય એ પહેલાં એડીશનના હાથમાં એક કવર પહોંચી ચૂક્યું હતું. એ કવરમાં પંચોતેર લાખ ડોલર્સનો ચેક હતો અને સાથે એક કાગળ જેમાં લખેલું હતું કે હજી વધારે ડોલર્સની જરૂર હોય તો એમની પાસે સગવડ છે.

એ ચેક આપનાર વ્યક્તિ હતી હેન્રી ફોર્ડ, ફોર્ડ નામની કાર બનાવતી કંપનીના માલિક. એમને હજી યાદ હતું કે એમના શરૂઆતના દિવસોમાં થોમસ આલ્વા એડિસને એનું કામ મુલવ્યું હતું અને આગળ વધવા પ્રોત્સાહન આપ્યું હતું.

વાત હજી આટલેથી અટકતી નથી, ૧૯૧૬ માં હેન્રી ફોર્ડે પોતાનું ઘર છોડી એડીસનના ઘરની બાજુની બિલ્ડિંગમાં રહેવા આવી ગયા હતા જેથી એ નિયમિત રૂપે એમને મળી શકે. એમનું ધ્યાન રાખી શકે. છેલ્લે એડીશનનું જ્યારે સંપૂર્ણપણે ચાલવાનું બંધ થઈ ગયું, હરવા ફરવાનું વ્હીલચેર પર થવા લાગ્યું હતું ત્યારે હેન્રીએ એમને પોતાને માટે પણ એક વ્હીલ ચેર ખરીદી લીધી હતી જેથી એ એમના મિત્રને વ્હીલચેર ભગાડવાની દોડમાં કંપની આપી શકે.

એક જણ બીજાને મદદ કરે અને બીજું એ મદદ યાદ રાખી એનો બદલો વાળે જાય એનું કેવું સુંદર ઉદાહરણ! કોઈની મદદ કરવાથી તમારું કંઈ લૂંટાઈ નથી જતું પણ હા, તમારી એ નાનકડી મદદ કે પ્રોત્સાહનના બે વાક્યો કોઈનું ભવિષ્ય બદલી નાંખવા નિમિત્ત બને એ શક્ય છે.

આ મારાથી આગળ નીકળી જશે તો, એવું વિચારવાને બદલે, જે હું નથી કરી શકતો એ તારાથી શક્ય બને એમ છે તો તું આગળ વધ...બસ આટલો વિચાર ફેર કરવાથી ઘણું બધું બદલી શકાય છે.

**અમસ્તું,**

કોઈના રસ્તાનું રોડું બનવા જતા એ વ્યક્તિ નીચે પડે ના પડે તમારે પોતે ઠોકર ખાવી પડશે એ નક્કી.

@Niyati Kapadia

# જિંદગી સંબંધોથી જીવાઇ છે...અને સબંધોમાં જિંદગી જીવાઈ છે...!

**ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો ;**
**હૈયાના ઝરણા નાનાને સાગર જેવું બનાવો ;**
**પ્રભુ હે ! જીવન - જ્યોત જગાવો.**

**- સુંદરમ્**

એક વડીલ ઊંડો નિ:સાસો નાખતાં મને કહેવા લાગ્યા, ' સાહેબ , જમાનો સાવ નિષ્ઠુર થઈ ગયો છે..!' મેં કહ્યું, ' કેમ ? '

આ વડીલે ક્યાંક સાંભળેલી વાત મને કહેવા લાગ્યા, "એક બહું પૈસાદાર પરિવાર , પિતાનાં ત્રણ સંતાનો . બે દીકરા એક દીકરી . દિકરાઓએ પિતાનો ધંધો સંભાળી લીધો હતો. દીકરી પણ સુખી - સંપન્ન ઘેર ધામધૂમથી પરણાવી દીધી હતી. પરંતુ દીકરીનો ડોળો હંમેશ પિતાની મિલકત પર રહેતો...એની એક જ દલીલ હતી કે હું પણ પિતાજીની મિલકતનો ત્રીજો હક્કદાર છું.અને મને તે મળવો જ જોઈએ. દીકરાઓને આ વાત મંજુર ન હતી. પિતાજીએ પણ મરતાં પહેલાં ખુલાસો કર્યો હતો કે , "તારા લગ્ન વખતે મેં તને જે આપવાનું હતું તે બધું જ આપી દીધું છે.હવે તારો કોઈ લાગ - ભાગ રહેતો નથી."

એવામાં પિતાજી બીમાર થયા ને મરી ગયા...દીકરી તો બાપ ચોકામાં ને જીદ લઈને બેઠી કે મારા હકનો ત્રીજો ભાગ આપી દો, નહીં તો હું પિતાજીની ઠાઠડી (નનામી) નીકળવા નહીં દઉં..વચ્ચે આડી સૂઈ જઈશ. ઘણી સમજાવટ કરી પણ દીકરી એકની બે ન થઈ...હવે બાપ ગયા મારે ભાઈઓ સાથે કોઈ લેવાદેવા નહીં... બિચારા ભાઈઓ તો બહેનનો તાયફો જોઈ ડઘાઈ ગયા..ફફડવા લાગ્યા.. આખરે થાકીને લખાણ કરી આપ્યું...પછી સ્મશાન યાત્રા નીકળી..."

● ● ● ●

આ ખતરનાક સંવેદનશૂન્ય હૃદયદ્રાવક ઘટનાની ખરાઈમાં પડવાની જરૂર નથી...પરંતુ આજે દિનપ્રતિદિન વિસ્તરતાં જતાં સંબંધોનાં સાવ કોરાં પરિમાણો માનવ સમાજ માટે ચિંતાજનક તો ખરાં જ...! લોહીના સંબંધોમાં હવે છળ - કપટ , લોભ - લાલચ , પ્રપંચ , કાવા - દાવા ના વિષાણુ પ્રવેશી ચુક્યા છે...લોહીની સગાઈ તો હવે રહી જ ક્યાં છે ?! સાચી સગાઈ સ્વાર્થની...! કામમાં આવ્યા તો ખરાં નહીં તો પરાયા...આ વૃત્તિ જ ઠેરઠેર ઘૂંટાવા લાગી છે.બીજાનું જે થવું હોય તે થાય..મારે શું ?? કોઈ બેઠેલા કે પડેલા ને ઉભો કરવાનો વિવેક જ માનવ જાત ભૂલી ગઈ છે. અરે , આંગણે કોઈ તરસ્યું આવે ને પાણી માગે તો " આગળ જા આગળ .." કહી ધુત્કારનારા ને તમે માણસ કહેશો ખરાં ??!

ખરેખર લાગણી શૂન્યતાને કારણે સંબંધોનું પોત પાતળું પડ્યું છે.વ્યક્તિના સુખ - દુ:ખ ,વેદના - સંવેદના કે ચડાવ - ઉતાર થી કેટલાને ફેર પડવાનો ...? એય આંકડો હવે એક અંકમાં આવી ગયો છે...પોતીકા કોને ગણવા ? આ એક મુંજવતો સવાલ છે.પેલા કાળમુખા કોરોનાએ વાસ્તવિક સબંધો વેગળા કરવાનો ને વર્ચ્યુઅલ સંબંધો વ્યાપક કરવાની ફરજ પાડી હતી એ હવે સૌને કોઠે પડી ગઈ હોય એવું નથી લાગતું ?!! આતો ભાવતું હતું ને વૈદે કહ્યું એના જેવું..આમેય આ ડિજિટલ દુનિયા..એમાં દિલ થોડું હોય...??!!



લાગણીનો મેળો
રસિક વાળંદ

મને ઘણીવાર ગૌતમ બુદ્ધ યાદ આવે... નગરચર્યા વખતે રોગી , વૃદ્ધ અને સ્મશાનયાત્રા જોઈ અત્યંત વિષાદથી ઘેરાઈ જાય છે... જ્યારે આપણને આપણા બીમાર કે વૃદ્ધ માવતર માટે લગીરે સંવેદના બચી છે ખરી ?!! આપણે તો બાપની અર્થી ટાણે જ અર્થના ફાયદા માંડતા થયા...!!

આજે એક વ્યક્તિ વટ અને મિથ્યા ખ્યાલે જંગે ચડી યુક્રેનની બરબાદીનો ઇતિહાસ લખવા બેઠો છે..છતાં વિશ્વનું રુવાળુંય ફરકતું નથી... માનવ માનવનો પણ વિચાર ન કરે ?! સાચે જ માનવીય સંવેદના મરી પરવારી છે..!

ખેર , આજથી બે દાયકા પૂર્વે પોતાના નિવૃત્તિનાં નાણાં પોતાના ભાઈઓ વચ્ચે સરખે હિસ્સે બેધડક વહેંચી...હળવા થનારા સ્વજન મેં સગી આંખે જોયા છે..અહીં બીજી એક વાત યાદ આવે છે...ફૂટપાથ પર બેસી ભીખ માંગી રહેલી વૃદ્ધા કવિ નિરાલા ની સામે હાથ લંબાવી કહે છે , " બેટા, બહું ભૂખ લાગી છે - કંઈક આપ..! " ત્યારે કવિના મનમાં સંવેદના જાગી ને પુસ્તકની રોયલ્ટીના રૂપિયાનું બંડલ પેલી વૃદ્ધ ભીખારણના હાથમાં મૂકી દેતાં કહે છે કે , તેં મને બેટો કહ્યો , મારી મા આમ ભૂખે મરે અને હું ગજવામાં નોટોની થોકડી લઈને ફરું ? મારી મા કદી ભીખ ના માંગે !!"

આવી સાચુકલી માણસાઈ આજે જોવા મળે ખરી ?? માનવી સાચા અર્થમાં માનવ ક્યારે બનશે ??!!

**સ્પર્શમણિ :**

**પૈસો માણસને ખરીદી ગયો....અને માણસ એ ભ્રમમાં રહી ગયો કે પૈસાથી બધું ખરીદી શકાય છે...!!**

★★★

**જિંદગી સબંધોથી જીવાઇ છે...અને સબંધોમાં જિંદગી જીવાઈ છે...!**

★★★

rasikvaland1965@gmail.com
9913426949